

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પહેલાં સુંદરીઓ સ્વેચ્છાએ જાળમાં ફસાય છે*
*ચઢે છે શિખરે ખોટા રસ્તાથી પછી પસ્તાય છે,*
*હસાય હવે વર્ષો પછી 'મી-ટુ'નાં વસ્રો ઉતારી*
*નવરાનાં 'સમાચાર'માં રહેવાના ઉપાય છે*

### હાઈકુ

*વારાંગનાઓ -*
*કરે છે કબૂલાત -*
*સતી થવાને...*

*નાખે પથ્થરા*
*શાંત સરોવરમાં -*
*સર્જે કુંડાળાં*

### ચિંતન

**અમૃતત્વસ્ય નાશાસ્તિ વિત્તેનેત્યેવ હિ શ્રુતિ: ।**
**બ્રવીતિ કર્મણો મુક્તે રહેતુત્વં સ્ફુટં યત: ॥**

**ઉપરોક્ત શ્લોક બૃહદારણ્યકોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**વિત્ત અર્થાત ભૌતિક સંપત્તિથી અમરતાની આશા રખાય નહીં. એમ જણાવી ઉપનિષદ 'કર્મ મુક્તિનું કારણ નથી' એમ સ્પષ્ટ પણે કહે છે.**

**ધન, ભૌતિક સુખ-સગવડ અને સંપત્તિ દ્વારા કરવામાં આવતા પુણ્યકર્મો પાછળ હેતુઓ એનકના અલગ-અલગ હોય છે. શ્રદ્ધા-આસ્થા-વિશ્વાસ હોય છતાં એના પાછળનો આશય મુક્તિનો તો નથી જ હો તો...**

**મુક્તિ માટે તો મન-આત્મા-હૃદયથી મોહ-માયા-મમતાથી વિરક્તિની જરૂર છે.**

### સુવિચાર

- બીજા શું કરે છે તેની સામે જોનાર નહીં, પણ મારી ફરજ છે તે વિચારનાર અને જીવનમાં ઉતારાનાર મહાન બને છે - **સરદાર પટેલ**
- મૂર્ખ એક તરફ જુએ છે, સમજદાર ચોતરફ - **બોધિ વૃક્ષ**
- શાંતિ એટલે આપણામાં પ્રભુની ઉપસ્થિતિનો સંકેત - **શ્રીમાતાજી**
- પ્રેમ એટલે પશુમાંથી ઊંચે ચડીને મનુષ્ય અને મનુષ્યમાંથી ઊંચે ચડીને ઈશ્વર બનવાનો વિચાર - **વિવેકાનંદ**
- 'સ્વ'ને શોધશો તો જીવન આપોઆપ મળી જશે - **અનામી**
- આકાશ એમ જ નથી મળતું, હવાની પાંખો પર સવાર થવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સવાજ સાંજ નાનું કુમળું રીંગણ કાચું ચાવીને ખાવાથી બરોડની વૃદ્ધિ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નરેન્દ્રનાથના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસ હતા. એક દિવસ પરમહંસને નરેન્દ્રની કસોટી કરવાની ઈચ્છા થઈ. શ્રીરામકૃષ્ણ તેમને લઈ જંગલમાં ગયા. ત્યાં જઈ પરમહંસે ગંભીરતાથી નરેન્દ્રને કહ્યું, 'મારી પાસે કેટલીક ચમત્કારિક સિદ્ધિઓ છે. મારે તે સિદ્ધિઓ કંઈ કામની નથી. મારી ઈચ્છા છે કે તું આ સિદ્ધિઓને જાણી લે. જેથી તેનો ઉપયોગ તું ધર્મના ઉપદેશ આપવામાં અને બીજા સાંસારિક કાર્યોમાં કરી શકે.'

પરમહંસની વાત સાંભળી નરેન્દ્રએ કહ્યું, 'ગુરુદેવ, આપની અતિ કૃપા મારા પર છે જેની અનુભૂતિ મને દરેક પળે થઈ રહી છે. પરંતુ આપ જે ચમત્કારિક સિદ્ધિઓ મને આપવા માંગો છો. તેના વડે મને ઈશ્વર પ્રાપ્તિ થઈ શકશે ?' પરમહંસને કહ્યું, 'ના, એ સિદ્ધિઓ ઈશ્વર પ્રાપ્તિ માટે ઉપયોગી થઈ શકે નહીં.'

નરેન્દ્રએ જવાબ આપતા આત્મવિશ્વાસ સહિત કહ્યું, 'ગુરુદેવ મને માફ કરો, આવી વ્યર્થ સિદ્ધિઓ મારે જોઈતી નથી.' નરેન્દ્રનાથની આવી ઉચ્ચ ભાવના, ઈશ્વરપ્રાપ્તિની તાલાવેલી જોઈ શ્રી રામકૃષ્ણ પરમહંસ રાજી થયા અને જંગલમાંથી ઘર તરફ પાછા ફર્યા.

# આતંકવાદીના એન્કાઉન્ટર પર આંસુ કમનસીબ

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતી એમના રાજકીય વજૂદને અકબંધ રાખવા ખાતર અગાઉ પથ્થરબાજ કાશ્મીરી યુવાનો તરફ સહાનુભૂતિ બતાવતાં રહ્યાં છે, પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચાર કરનારાઓની તરફેણમાં બોલતાં એમને જરા પણ ખચકાટ નથી થયો અને ભાજપ સાથે સત્તામાં ભાગીદાર કરવામાં પણ એમને ઔચિત્ય લાગ્યું હતું. અગાઉ બુરહાન વાની અને હવે મન્નાન વાણીના એન્કાઉન્ટર પર આંસુ સારતાં મહેબૂબા પાસે આવાં દેશદ્રોહી તત્ત્વોને સીધા રસ્તા પર લાવવાની કોઈ ફોર્મ્યુલા છે ખરી ? અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી કે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રગતિશીલ છાત્રો દેશ વિરોધી ચળવળો શરુ કરે અને પીએચ.ડી. ના સંશોધનની અવેજીમાં હિઝબુલ મુજાહિદીનના કમાંડર બની જવાનું પસંદ કરે ત્યારે ભારતીય સેના પાસે એમને આંતરીને શરણે આવવાનું શક્ય ન બને ત્યારે એમને સફાયો કરવા સિવાય બીજો રસ્તો જ ન રહે તે સ્વાભાવિક છે. સેનાએ અથવા પોલીસે આવા આતંકવાદીઓને ઝબ્બે કરવા માટે સરકાર પાસેથી આગોતરી મંજૂરી મેળવી લીધેલી છે. પ્રજા પણ ઈચ્છે છે કે દેશદ્રોહી તત્ત્વો સામેની કાર્યવાહી વધુ કડક બને. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં મન્નાન ના એન્કાઉન્ટર મામલે દેશવિરોધી ભાષણો થાય, કાશ્મીરમાં એના જનાજા વખતે ઊમડેલી ભીડ રાષ્ટ્રવિરોધી ટોળામાં ફેરવાઈ જઈ પોલીસ સામે પથ્થરબાજી શરૂ કરે અને દેશ તમાશો જોયા કરે તે શું એક સાર્વભૌમ રાષ્ટ્રની શરમ નથી ? મુસ્લિમ નેતાઓએ એક આતંકવાદીના નામ પર આંસુ સારવાં ફરજિયાત છે ?

કયાં સુધી આપણે ધર્મના નામ પર આવા લાગણીવેડા પ્રદર્શિત કરતા રહીશું? ભાજપમાં જ આ મુદ્દે મતભેદો હોય તે કેવી વિડંબના છે! એ સાચું કે પીએચ.ડી. જેવી ઉચ્ચ ઉપાધિ માટે અધ્યયન રત છાત્રનું મૃત્યુ દેશ અને સમાજ બેઉ માટે નુકશાન સમું જ ગણાય, પણ આવા હોનહાર છાત્રોને દેશવિરોધી તત્ત્વો સાથે ભળી આતંકવાદના આકા કે હાથા બનાવતાં કારણોની જડમૂળથી તપાસ કેમ થતી નથી ? શું આ સિલસિલો આવનારા દિવસોમાં પણ આમ ને આમ જ ચાલતો રહેશે ? પોલીસ કે સેના પણ આખરે કેટલા બુરહાન કે મન્નાનું એન્કુન્ટર કરશે ? આમ કરવાથી બીજા નવા બુરહાન અને મન્નાન નહીં જન્મે એની ખાતરી છે ખરી ? દેશ આજે આજે વિચિત્ર પ્રકારની ઐતિહાસિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. મુસ્લિમ સમાજ માટે પણ આ પડકાર નાનો સૂનો નથી. આજે દેશનો સમસ્ત મુસ્લિમ સમાજ એક પ્રકારની ન કહેવાય - ન સહેવાય એવી દહેશતવાળા વાતાવરણમાં મુકાઈ ગયો છે, તે કહેવાની જરૂર ખરી?

## ઝિંદગી મેં લક ભી સિર્ફ ઉસકા સાથ દેતા હૈ



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

*ઝિંદગી મેં લક ભી સિર્ફ ઉસકા સાથ દેતા હૈ, જિસ મેં જિતને કા જઝ્બા હો...*

*- લક*

ઈ.સ. ૨૦૦૯માં રેનિલ ડિ'સીલ્વાનાં સ્ક્રીન પ્લે સાથે 'લક' પિકચર ખૂબ મોટી હિટ ફિલ્મ નહોતી થઈ. છતાં સંજય દત્ત, મિથુન ચક્રવર્તી, ઈમરાન ખાન, રવિ કિશન, ડેની ડેંઝોગપ્પા જેવા કલાકારો એક જ સાથે જોવા મળે, અને સંવાદોની જે રમઝટ બોલે તે જોવાની પણ મજા તો અલગ જ છે. સોહમ શાહ દિગ્દર્શિત તથા તેના જ દ્વારા લખાયેલ આ ફિલ્મનો સંવાદ નસીબની રાહ જોઈને બેસી રહેનારાઓ પણ ખૂબ મોટી લપડાક છે. ફિલ્મમાં સંજય દત્ત આ સંવાદ બોલે છે. જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે નસીબ ત્યારે જ સાથ દે છે, જયારે વ્યક્તિ પુરુષાર્થ કરતો હોય... જીતવાનો વિશ્વાસ વ્યક્તિમાં મહેનત અને આત્મવિશ્વાસથી જ આવતો હોય છે.

આવા જ અર્થ સામ્યવાળું એક વાક્ય કથાસરિત્સાગરમાં મળી આવે છે.

દૈવમ્ હિ સાહાય્યં કુરુતે સત્વશાલિનામ્ ।

- નસીબ મહેનતુને જ, જીત ઈચ્છારને જ સહાય કરે છે.

લગભગ ૧૧મી સદીમાં સોમદેવ દ્વારા વાર્તાઓનાં સંગ્રહરૂપ આ 'કથાસરિત્સાગર' ગ્રંથ નૈતિક મૂલ્યોના શિક્ષણની દષ્ટિએ ખૂબ જ સુંદર ગ્રંથ છે.

એમ કહેવાય છે કે ગુણાઢ્યની 'બૃહત્કથા' પરથી જ 'કથાસરિત્સાગર' લખવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્ષેમેન્દ્ર કૃત 'બૃહત્કથા મંજરી' પણ આ જ રીતે કથાઓનો સંગ્રહ છે.

આ કથાઓ કાશ્મીરી વાંચના મળી આવે છે, અને સૌ પ્રથમ ૧૯૨૪થી ૧૯૨૮ની વચ્ચે સી.એચ.ટોની તથા એન.એમ. પેંજર જેવા વિદેશીઓએ દશ ભાગમાં 'ધી ઓશન ઓફ સ્ટોરી' ના નામે અનુવાદ કરીને પ્રકાશિત કરી છે.

નીતિ વિષયક કથાઓમાંથી મળી આવતી ઉપરોક્ત પંક્તિ 'પુરુષાર્થ વગર પ્રારબ્ધ પાંગળું છે.' આ ઉક્તિને સાર્થક કરે છે.

*- jayuoza@gmail.com,*
*Mo. 9898046488*

## રવિવારે સ્વરચના પાઠ કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય વૃત્ત

● વિસરાતી ગરવી ગુજરાતી ભાષામાં લોકોના રસ કેળવાય અને માતૃભાષાનો વ્યાય વધે તથા ગુજરાતી માતૃભાષામાં માતબર ખેડાણ થાય તે હેતુસર, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દસ માસે યોજાતા કાર્યક્રમો અને માસિક સભા અંતર્ગત, તા. ૧૪-૧૦-૨૦૧૮ ને રવિવારના રોજ, 'સ્વરચિત રચના પ્રસ્તુતિનો કાર્યક્રમ' સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષ સ્થાને, 'નમન' એપાર્ટ. સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. આ સભામાં ઉપસ્થિત કોઈ પણ મહાનુભાવ, પોતાની અગાઉ પ્રસ્તુત થયેલ ન હોય તેવી, સ્વરચિત કાવ્યગીત, ગઝલ કે લઘુકથા જેવી કૃતિઓનું સ્વમુખે પઠન કરી શકશે. આ સાહિત્યિક કાર્યક્રમમાં અચૂક પધારવા સૌ સભ્યશ્રીઓ, સાહિત્ય રસિકોભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીનની ગઝલયાત્રાની' સ્વ પ્રસ્તુતિ અન્વયે, વિચારમંચ પિરવાર (ગાંધીનગર) અને ગુજરાત સંગીત નાટ્ય અકાદમી દ્વારા, 'મનના જમણવાર'નો કાર્યક્રમ, તા. ૭-૧૦-૨૦૧૮ના રોજ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ રાજેશ વ્યાસ 'મિસ્કીન' નું સ્વાગત કરતા કહ્યું હતું કે પાટનગરમાં વિધાનસભાની સામે વિદ્યાસભા છે, જીઆર, સીઆરના જંગલ સામે પ્રાકૃતિક જંગલ પણ છે. વિચારમંચના સહસંયોજક પુલકભાઈ ત્રિવેદીએ ગઝલકાર 'મિસ્કીન'ને આવકારતાં કહ્યું હતું કે 'મિસ્કીન'ને સાંભળવા એટલે જાણે હિમાલયની તળેટીમાં સંત તત્ત્વ અને સંસારિક શબ્દોનાનું અદ્ભૂત મિલન થતું હોય તેવું લાગે. ગાંધીનગરના સાહિત્ય અને શબ્દપ્રેમી નગરજનો 'મિસ્કીન'ની ગઝલયાત્રાના સંવેદનાસભર શબ્દોથી ભીંજાઈ ગયા હતા અને મંત્રમુગ્ધ બની ગયા હતા. આ સર્જક સાથે સંવાદનું રસપ્રદ સંચાલન વિચારમંચ પરિવારના મનોજ શુક્લએ સુપેરે કર્યું હતું.

● વ્યક્તિ વિકાસને ખીલવતી, માતૃભાષા પ્રેમીઓના પ્રાણસમી ગુજરાતી ભાષાના સત્ત્વને તથા તત્ત્વને જાણવા, માણવા અને ગરવી માતૃભાષા ગુજરાતીના ગૌરવને અખંડિત રાખવા, જરૂરી એવા વ્યાકરણ અને ભાષાશાસ્ત્રની સમજૂતિનો વ્યાપ વધે અને માતૃભાષાની ફોરમ સર્વત્ર ફોરે તે માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' સંસ્થા દ્વારા યોજાતી કાર્યશાળા ૨૦૧૮ને શનિવારના રોજ બપોરના ૩.૦૦ વાગે, ચિલ્ડ્રન યુનિવર્સિટીના સભાખંડમાં યોજવામાં આવી છે, જેમાં ઉમાકાન્તભાઈ રાજયગુરુ વિભક્તિઓ અને વિરામચિહ્નોના વિષય પર વકતવ્ય આપશે તથા તા. ૨૨-૦૯-૨૦૧૮ના રોજ કસોટીનું પરિણામ જાહેર કરી, ત્રણ ઉત્તમ મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે. નવરાત્રીના નવલા પર્વમાં શક્તિ ઉપાસનાની સાથોસાથ ભાષાશક્તિની ઉપાસના માટે પધારવા જણાવાયું છે.

- muljibhaidadhi@gmail.com

# મહાત્મા ગાંધી જીવન કવન પ્રશ્ન શ્રૃંખલા-૩



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

૬૧ કોચરબ આશ્રમ કયાં આવેલો છે.
(અ) દિલ્હી (બ) મુંબઈ (ડ) વર્ધા (ક) અમદાવાદ
૬૨ ગાંધીજીએ મિલ માલિકો સામેના આંદોલનમાં કેટલી શરતો રાખી હતી.
(અ) ૧૦ (બ) ૬ (ડ) ૫ (ક) ૪
૬૩ મિલ માલિકો સામેની મજૂર હડતાળ કેટલા દિવસચાલી હતી.
(અ) ૨૧ (બ) ૧૫ (ડ) ૧૦ (ક) ૫
૬૪ ગાંધીજીએ કયા કારણસર કોચરબ છોડવાનું નક્કી કર્યું?
(અ) સંકડાશ (બ) ગામલોકો સાથે સંઘર્ષ (ડ) મરકી (ક) એક પણ નહીં
૬૫ મિલ મજૂર આંદોલનમાં લવાદ કોણ હતા.
(અ) સરદાર પટેલ (બ) આનંદશંકર ધ્રુવ (ડ) ઉમાશંકર જોષી (ક) કોઈ નહીં
૬૬ મજૂર આંદોલનમાં ગાંધીજીનાં કેટલા દિવસ ઉપવાસ ચાલ્યા ?
(અ) ૨૧ (બ) ૧૫ (ડ) ૫ (ક) ૩
૬૭ ખેડા સત્યાગ્રહ વખતે ગાંધીજી અને સાથીઓ કયાં રોકાયા હતા ?
(અ) પાઈ મંદિર (બ) કિર્તી મંદિર (ડ) અનાથાશ્રમ (ક) સંતરામ મંદિર
૬૮ ખેડા સત્યાગ્રહથી 'ડુંગળી ચોર' તરીકે કોણ ઓળખાયા ?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) શંકરલાલ બેન્કર (ડ) વિઠ્ઠલભાઈ પટેલ (ક) મોહનલાલ પંડ્યા
૬૯ ગાંધીના મતે.......... પોતાને ખેડા સત્યાગ્રહમાં ઓળખ્યાં
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) વિઠ્ઠલભાઈ પટેલ (ડ) સરદાર પટેલ (ક) શંકરલાલ બેન્કર
૭૦ ખિલાફત આંદોલનમાં ગાંધીજીએ કોને સાથ આપ્યો હતો ?
(અ) સિપાઈઓને (બ) અંગ્રેજોને (ડ) મુસલમાનોને (ક) તમામ સાચા
૭૧ રંગરૂટની ભરતી એટલે.... ભરતી
(અ) પોલીસ (બ) સત્યાગ્રહી (ડ) મજૂર (ક) સૈનિક
૭૨ ગાંધીજીની સારવાર કરનાર....... આઈસ દાકટર તરીકે ઓળખાય છે
(અ) દા. કેળકર (બ) દા. કાનૂગા (ડ) દા. અંસારી (ક) તમામ વિકલ્પ ખોટા
૭૩ બકરીનું દૂધ લેવાની સલાદ કોણે આપી ?
(અ) શંકરલાલ (બ) ડૉ. દલાલ (ડ) ડૉ. અંસારી (ક) કસ્તુરભાઈ
૭૪ ભારતના કયા પ્રાંતો ગાંધીજીને મન ઘર જેવા લાગતા હતા.
(અ) મુંબઈ (બ) દિલ્હી (ડ) દક્ષિણ ભારત (ક) ઉત્તર ભારત
૭૫ કયા કાયદા સામે આખા હિંદુસ્તાનમાં હડતાળ પડી ?
(અ) ખેડૂત (બ) મડૂર (ડ) ક્રિમીનલ એક્ટ (ક) રોલેટ એક્ટ
૭૬ રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તક ગાંધીજીને કોણે આપ્યું હતું.
(અ) પોલાક (બ) સરદાર પટેલ (ડ) મીરા (ક) મહાદેવ દેસાઈ
૭૭ 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકનો કયા નામે અનુવાદ થયો છે?
(અ) અનાશક્તિ યોગ (બ) ભગવત્ ગીતા (ડ) સત્યના પ્રયોગો (ક) સર્વોદય
૭૮ ગાંધીજીએ શરુ કરેલા ફિનિક્સ આશ્રમની શરુઆતમાં કેટલા સાથીઓ હતા.
(અ) ૧૦ (બ) ૨૦ (ડ) ૩૦ (ક) ૪૦
૭૯ ફિનિક્સ આશ્રમ કઈ સાલમાં સ્થપાયો?
(અ) ૧૯૦૦ (બ) ૧૯૦૩ (ડ) ૧૯૦૪ (ક) ૧૯૧૦
૮૦ ગાંધીજીએ કયા દીકરાની ઈજાની સારવાર માટી પ્રયોગથી કરી હતી.
(અ) હરિલાલ (બ) મણિલાલ (ડ) રામદાસ (ક) દેવદાસ
૮૧ ફિનિક્સ આશ્રમમાં કયા વિદેશી મિત્રના લગ્ન થયા હતા ?
(અ) પોલોક (બ) રિચ (ડ) કેટીચ (ક) એડમંડ
૮૨ કસ્તૂરબાની સાથે ગાંધઈજીએ દ. આફ્રિકામાં કઈ વસ્તુ છોડી હતી.
(અ) દાળભાત (બ) શાકભાત (ડ) કઠોળ મીઠું (ક) છાશ
૮૩ ગાંધીજી સાથે ચાર માસના એકટાણું વ્રત કોણે લીધું ?
(અ) કસ્તૂરબા (બ) પોલોક (ડ) મીરા (ક) કેલનબેક
૮૪ દ. આફ્રિકાથી સ્ટીમરમાં આવતા ગાંધીજીએ દરિયામાં શું ફેંકી દીધું ?
(અ) ચશ્મા (બ) લાકડી (ડ) ટોપી (ક) દૂરબીન
૮૫ દ. આફ્રિકાથી ભારત પરત ફરતા ગાંધી વચ્ચે કયાં રોકાયા હતા ?
(અ) લંડન (બ) સ્પેન (ડ) ન્યુયોર્ક (ક) પેરીસ
૮૬ ફિનિક્સ આશ્રમવાસીઓને ભારતમાં સૌપ્રથમ કયાં રાખવામાં આવ્યા હતા.
(અ) પવનાર આશ્રમ (બ) વર્ધા આશ્રમ (ડ) મંગડી ગુરુકુળ (ક) એક પણ નહીં
૮૭ કાકાસોહેબ અને ગાંધીજી પહેલીવાર કયાં મળ્યા ?
(અ) શાંતિનિકેતન (બ) ચંપારણ (ડ) ખેડા (ક) સાબરમતી આશ્રમ
૮૮ ગાંધીજીએ ૧૯૧૫માં .......... કુંભમેળામાં ગયાં
(અ) બનારસ (બ) અલ્હાબાદ (ડ) હરદ્વાર (ક) એક પણ નહીં
૮૯ કોચરબમાં ગાંધીજીએ કયા મિત્રનું મકાન ભાડે લીધું ?
(અ) જીવનલાલ (બ) રણછોડલાલ (ડ) અંબાલાલ (ક) શ્રણિકભાઈ
૯૦ 'પહાડ જેવડી ભૂલ' શબ્દ પ્રયોગ ગાંધીજીએ કર્યો.
(અ) કલકત્તા (બ) દિલ્હી (ડ) મુંબઈ (ક) નડિયાદ

**પ્રશ્ન શ્રૃંખલા-૨ અને ૩ના ઉત્તરો આવતા અંકમાં....**



# ગાંધીજીની પાવક સ્મૃતિ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ગીત તુમ્હારે ગાતે ગાતે, હમ તુમકો હી ભૂલ ગયે.

દાંડીકૂચ શરૂ થવાની હતી તેના આગળના દિવસની સાંજે (૧૧ માર્ચ-૧૯૩૦) સાબરમતીના સંતે વિશાળ માનવ મેદનીને સંબોધન કર્યું. હાજર રહેલા લોકો સરળ શબ્દોમાં કહેવામાં આવેલી આ નિરાંડબરી વાત સાંભળીને અંદરથી હલી ગયા. ગાંધીજી કહે છે : '' એવું સાવ સંભવિત છે કે આજે તમારી પાસે આ મારું છેલ્લું વ્યાખ્યાન હોય. આવતીકાલે સવારે જો સરકાર મને કૂચ કરવા દેશે તો પણ આ સાબરમતીના પવિત્ર કાંઠે તો આ છેલ્લુંજ ભાષણ હશે અથવા મારી જિંદગીનું પણ આ છેલ્લુંજ ભાષણ હોય. '' આ વાત સાચી હતી. સાબરમતીના કીનારે બાપુનું આ છેલ્લું ભાષણ હતું. ગાંધીના મુખેથી કોઇ આર્ષવાણીની જેમ આ શબ્દો સહજ રીતેજ નીકળ્યા હતા. જાણે બુધ્ધના મહાભિનિષ્ક્રમણનું પુનરાવર્તન થઇ રહ્યું હતું. માનવજાતના કલ્યાણ માટે બુધ્ધ નીકળ્યા હતા. આજે ૩૦ કરોડ લોકોની મુક્તિ માટે મહાત્મા ગાંધી નીકળ્યા હતા. ગાંધીજીએ માનવ મેદનીને સમજાવતા કહ્યું કે આજે આશ્રમ તથા સ્વગ્રહની વિદાયની વેળા છે. મા ભોમની મુક્તિ સિવાય પાછા આવવાનો પ્રશ્ન રહેતો નથી. કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ લખ્યું :

આવવું ન આશ્રમે, ના યદી સ્વતંત્રતા
જીવવું મુવા સમાન, ના મળે સ્વતંત્રતા.

દુનિયાભરના લોકોની નજર હિન્દુસ્તાનમાં બનતી આ ઘટના તરફ મંડાયેલી હતી. ગાંધીજીના સાથીઓ કે જેઓ શરૂઆતમાં દાંડીકૂચના વિચારથી ખાસ પ્રભાવિત થયા ન હતા. તેઓ પણ બાપુની દીર્ઘદ્રષ્ટિ હવે જોઇ શક્યા હતા. પ્રચંડ જનજાગૃતિનું મોજુ હિન્દુસ્તાનના દરેક ખૂણે પ્રસરી ગયું હતું. અન્યાયી કર સામેની આ લડત સમગ્ર વિશ્વના સામાન્ય લોકોની લાગણીઓના પડઘા સમાન હતી. આથી બાપુએ સમગ્ર જગતને આ વાતની પ્રતિતિ થાય તેવા પ્રયાસ કર્યા. વિશ્વભરના લોકોની સહાનુભૂતિ આ ન્યાયની લડત માટે મળે તે માટે ગાંધીજીએ તા.૦૫/૦૪/૧૯૩૦ના રોજ લખ્યું :

**" I want wrold sympathy in this battle of right against might. "**

ઓક્ટોબર મહીનામાં ગાંધીજીની અનેક સ્મૃતિઓ મનમાં આવવી સ્વાભાવિક છે. દાંડીકૂચની વાત કરીએ ત્યારે પણ અનેક ઘટનાઓ નજર સામે આવે છે. ગાંધીજી દક્ષિણ ગુજરાતમાં આપવામાં આવેલા એક પ્રવચનમાં કહે છે કે '' મારે હવે ૬૧ વર્ષે કૂચ કેવી ? જવું જ હોય તો હિમાલયની જાત્રાએ જવાય કે મોક્ષ તો મળે. પણ હું તો ઉલટો ધર્મ શીખ્યો છું. મારે તો દર્શન કૂચ કરીને કરવા છે. પરમેશ્વરના દર્શન તો દોહ્યલા છે પ્રભુ તો ત્રીસ કરોડ દેશવાસીઓના હૃદયમાં બેઠા છે. તેથી એ હૃદયો સાથે ઓતપ્રોત થવું જોઇએ. આથી ૬૧ વર્ષે પણ શાંતિ લેવાની નથી તેમ વિચારેલું છે. ''

સામાજિક નેતૃત્વ કરનાર વ્યક્તિની દીર્ઘદ્રષ્ટિ તેમજ આત્મવિશ્વાસ કેવા હોવા જોઈએ તે સમજવા માટે ગાંધી જીવનદર્શન કોઈપણ કાળે સંદર્ભયુક્ત બની રહે તેવું છે. તેમણે કરોડો હિન્દ વાસીઓની શક્તિ તથા સમજમાં શ્રધ્ધા રાખીને દાંડીકૂચ શરૂ કરી હતી. સામા પક્ષે જનતા જનાર્દને પણ ગાંધીની આ શ્રધ્ધાને પોતાના સમર્થન તથા આકરા સમર્પણથી અસાધારણ પ્રતિસાદ આપેલો હતો. ગરીબ તેમજ તવંગર એમ બન્ને વર્ગને લાગુ પડે તેવો મીઠા પરના કરનો નિયમ હતો. ગાંધીએ દાંડીકૂચના અંતે નમક પરના કરના કાયદાનો સવિનય પરંતુ છડેચોક ભંગ કરીને અંગ્રેજ સત્તાના પાયામાં લૂણો લગાડ્યો હતો.

દાંડીકૂચ શરૂ કરતા પહેલા બાપુએ લોર્ડ ઈરવીનને એક પત્ર લખ્યો હતો. આ પત્ર તા.૦૨/૦૩/૧૯૩૦ના રોજ લખવામાં આવ્યો હતો. ગાંધીજી જે લડાઇ લડ્યા તે દરેકમાં જે સામા પક્ષે હોય તેને સમજાવવાની કોશીષ કરતા હતા. મોરચો માંડતા પહેલા સમાધાન થાય તો તે કરવાની તેમની રણનીતિ હતી. ગાંધીનો લોર્ડ ઈરવીનને લખવામાં આવેલો આ પત્ર ઐતિહાસિક હોવા ઉપરાંત સાંપ્રત મૂલ્ય પણ ધરાવે છે. ગાંધીજી વાઈસરોયને લખે છે કે અંગ્રેજોનું શાસન એ ભારત માટે એક આફત કે બલા છે. ગાંધી કહે છે કે રાજ્યે એક એવા પ્રકારનું તંત્ર ગોઠવી દીધું છે કે દેશ તેથી સદૈવ ચૂસાયાજ કરે. આ તંત્રનો દીવાની તથા લશ્કરી ખર્ચ પણ દેશની ગરીબ જનતા પર અસહ્ય પ્રમાણમાં છે તેમ મહાત્માએ લખ્યું છે. હિન્દુસ્તાનના સામાન્ય નાગરિકની સરેરાશ આવક ઈંગ્લાંડના નાગરિકના પ્રમાણમાં ઘણી ઓછી છે તે હકીકત પણ ગાંધીએ વાઈસરોય પરના પત્રમાં લખી છે.

ગાંધીજીએ વાઈસરોયને લખેલા પત્રની બાબતો જોઈએ તો પ્રથમ દ્રષ્ટિએજ સમજાય છે કે બાપુ બ્રિટીશ શાસનની અન્યાયી પ્રથાના વિરોધી હતા. પ્રથામાં અન્યાય હતો માટે આ દાંડીકૂચ રૂપી ધર્મયુધ્ધનું એલાન હતું. ગાંધીજીની આ વિશાળ દ્રષ્ટિયુક્ત વિચાર કે તેમની આ તંત્ર માટેની ફરિયાદને આજના સંદર્ભમાં પણ ચકાસવા જેવી છે. શાસકોમાં પરિવર્તન એક સુદીર્ઘ લડાઈને અંતે થયું. પરંતુ શાસનની પ્રથા આપણે પ્રજાલક્ષી તથા ઓછી ખર્ચાળ કરી શક્યા નથી તે નિર્વિવાદ છે. જે સુરાજ્યની કલ્પના ગાંધીએ કરી હતી તેને ચરિતાર્થ કરવા માટે પણ સતત સંઘર્ષ જાગૃત નાગરિકોએ કરતા રહેવું પડે તેમ લાગ્યા કરે છે. જે કોઈ સુધારાઓ શાસનમાં કે રાજ્યતંત્રમાં થયા છે તે નોંધપાત્ર હોવા છતાં છેલ્લા માનવીના ફળિયા સુધી સમૃધ્ધિનું કિરણ પહોંચી શક્યું નથી. સમાજમાં વ્યક્તિઓ વચ્ચેની આવકની અસમાનતા તરફ ગાંધીએ લોર્ડ ઈરવીનને લખ્યું છે તે પ્રશ્ન પણ આજે બીહામણા સ્વરૂપે આપણી સામે ઊભો છે. ગાંધીજીની જન્મજયંતિએ આવા અનેક લેખાજોખા આપણે કરવા જરૂરી બને છે. ગાંધી જયંતિની બાહ્ય ઉજવણીઓ તોજ સર્વાંગ પણે સાર્થક બને. એકાદ પણ સારા વિચારના અમલીકરણથીજ ગાંધીની પ્રસન્નતા મળી શકે છે. કવિ ઉમાશંકર જોશીના શબ્દો યાદ આવે છે.

માર્ગમાં કંટક પડ્યા, સૌને નડ્યા, બાજુ મૂક્યા ઉચકીને તે દિન નક્કી જન્મ ગાંધીબાપુનો.